રજૂ તારીખ :- ૦૫/૦૧/૨૦૧૮
દાખલ તારીખ :-૦૫/૦૧/૨૦૧૮
ફેંસલ તારીખ :- ૧૬/૦૭/ ૨૦૨૨
વર્ષ- માસ- દિવસ-

**ધોળકાના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ,મું:ધોળકા.**
**ક્રિ.પર. અરજ નં.:- ૧૨/૨૦૧૮**
આંક-૧૯

અરજદાર/ફરીયાદી :-(૧) સંગીતાબેન વનરાજભાઈ ગોહીલ,
ઉ.વ. ૩૦, ધંધો ઘરકામ,
(૨) સગીર બ્રીજેશ વનરાજભાઈ ગોહીલ,
ઉ.વ. ૧૧, ધંધો અભ્યાસ,
અરજદાર નં.૨ના વાલી અને ઈષ્ટમિત્ર
તરીકે અરજદાર નં.૧,
રહે:બંને હાલ જાખડા,તા:ધોળકા.

-:: વિરુધ્ધ ::-

સામાવાળાઓ :- (૧) વનરાજભાઈ બાબુભાઈ ગોહીલ
(૨) બાબુભાઈ ગગુભાઈ ગોહીલ
(૩) સુરજબેન બાબુભાઈ ગોહીલ,
રહે, તમામ મીઠાપુર,તા:બાવળા.

ડોમેસ્ટીક વાયોલન્સ એકટ-૨૦૦૫ ની કલમ-૧૨, ૧૮, ૧૯, ૨૦, ૨૨ મુજબ ની દાદ મેળવવા માટેની અરજ.

અરજદારો તરફે વિ.વ.શ્રી એસ.જે.સૈયદ
સામાવાળા તરફે એકતરફી

**-:: ચુકાદો ::-**

(૧) આ કામના અરજદારોની અરજીની સંક્ષિપ્ત હકિકત એવી છે કે, આ કામના અરજદાર નં.૧ના લગ્ન તા.૨૫/૦૪/૨૦૦૪ના રોજ આ કામના સામાવાળા નં.૧ સાથે તેઓની જ્ઞાતિના રીવાજ મુજબ થયેલા અને લગ્ન બાદ અરજદાર વારણા મુકામે કરીયાવરની તમામ વસ્તુઓ લઈ આ કામના સામાવાળાઓને ત્યાં લગ્નના હકકો અને ફરજો અદા કરવા માટે ગયેલા. આ કામના સામાવાળાઓએ અરજદારના લગ્ન બાદ દોઢેક મહીના સુધી અરજદાર ને સારી રીતે રાખેલા. ત્યાર બાદ અરજદારને તેણીના સાસુ, સસરા, વડસસરા મેણા ટોણા મારી કામની બાબતમાં વગર કારણે ઝઘડા કરતા અને તેણીને સતત માનસિક ત્રાસ આપતા અને તેણીના પતિને ચઢવણી કરતા તેઓ તેણીને મારઝુડ કરી કાઢી મુકતા. બાદમાં તેણીના પીયરવાળા તેણીને સમજાવીને સાસરીમાં મુકી જતા. બાદમાં તેણીએ બાબાને જન્મ આપતા હવે તેણીને સારું રાખશે પરંતુ બાળકના જન્મ બાદ પણ તેઓના વર્તનમાં કોઈ સુધારો થયેલ નહીં. બાદ તેણીને ટાઈફોઈડ થતા તેણી બીમાર થવા છતાં તેણીની કોઈ દરકાર કરેલ નહીં અને તેણીને જણાવેલ કે તારે સારવાર કરાવવી હોય તો તારા બાપને ત્યાં જા અને તારા બાપા તારી સારવાર કરાવશે તેમ કહી પીયર મોકલી દીધેલ. બાદ સારવાર કરાવીને સાસરે જતા તેણીના પતિએ તેણી ઉપર ખોટા વહેમ રાખીને તેણીને મારઝુડ કરી કહેતા કે તું કોઈને છાનામાના ફોન કરે છે અને તને કોઈ મળવા આવે છે અને તેમ કરી તેણીને શારીરિક, માનસિક ત્રાસ આપવાનું ચાલુ જ રાખેલ. બાદ તા:૨૩/૧૨/૨૦૦૬ના રોજ તેણીના પતિએ તેણીના તમામ કપડા, દરદાગીના વિગેરે પડાવી લઈને તેણીને અને સગીર બાળકને કાઢી મુકેલ છે અને ત્યાંથી તેણી પીયરમાં નીરાધાર હાલતમાં જીવન વ્યતીત કરે છે તેમ જણાવી અરજદારે તેઓની અરજીમાં

દર્શાવ્યા મુજબનો ત્રાસ આપી, સામાવાળાઓએ અરજદારને કાઢી મુકેલ. ત્યાર થી અરજદાર તેઓના પિતાના ઘરે ઓશીયાળું જીવન જીવતા હોય અને અરજદાર પોતે પોતાનું ભરણપોષણ કરી શકે તેવી સ્થિતિમાં ન હોય, આ કામના સામાવાળા અરજદાર નં.૧ને ખોરાકી પોષાકી પેટે માસીક રૂા. ૫૦,૦૦૦/– તથા સગીર બાળકને ખોરાકી પોષાકી પેટે માસીક રૂા. ૩૦,૦૦૦/– તેમજ કલમ–૨૦ અન્વયે શારીરિક–માનસીક ઈજા નુકશાન પેટે રૂા.૫,૦૦,૦૦૦/– તેમજ તબીબ ખર્ચ પેટે રૂા.૧,૦૦,૦૦૦/– તથા તથા સામાવાળાઓએ અરજદારના કોઈપણ વાંક ગુના વગર ત્યાગ કરેલ હોય અને અરજદારની જીંદગી સાથે અન્યાય કરેલ હોય તેના વળતર પેટે રૂા.૩૦,૦૦,૦૦૦/– (ત્રીસ લાખ) તેમજ અરજદારની તમામ સ્ત્રીધનની વસ્તુઓ સામાવાળા પરત કરે અને અરજદારને રહેવા મકાન આપે તેમજ અરજદારના જીવન નિર્વાહની વ્યવસ્થા કરવા તથા કલમ–૧૯ મુજબ રહેઠાંણ માટેનું ઘર અથવા રૂા.૨૦,૦૦૦/– ઘર ભાડાની રકમનો હુકમ મેળવવા અરજ કરી હાલની અરજી કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ–૨૦૦૫ મુજબ નિયત નમુના ફોર્મમાં પ્રોટેકશન ઓફીસરના અહેવાલ સાથે અરજીમાં જણાવેલ દાદ મેળવવા અરજ કરવામાં આવેલ છે.

(૨) અરજદારની અરજીના અનુસંધાને પ્રોટેકશન ઓફીસર ધ્વારા રજુ કરવામાં આવેલ અહેવાલ તથા અભિપ્રાય ધ્યાને લેતા ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ અન્વયે કાર્યવાહી કરવાનું પ્રથમ દર્શનીય રીતે જણાતા સામાવાળાઓને નિયમાનુસારની નોટીસ કરવામાં આવેલ, જે નોટીસ સામાવાળાઓને બજી જવા છતાં આ કામે તેઓ જાતે કે તેમના વિધ્વાન

વકીલશ્રી મારફતે હાજર થયેલા નથી અને અરજદારની હાલની અરજીનો કોઈ જવાબ રજુ કરેલ નથી કે કોઈ રીપોર્ટ રજુ રાખેલ નથી કે પોતે પોતાના વકીલશ્રી મારફત હાજર થઈ કોઈ પુરાવો રજુ રાખેલ નહીં હોઈને આ કામ એકતર્ફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર તરફે હાલની અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે :–

**મૌખિક પુરાવો**

| ક્રમ નં. | સાહેદ નું નામ | આંક |
|---|---|---|
| ૧. | સંગીતાબેન વનરાજભાઈ ગોહીલનું સરતપાસ સોગંદનામું | ૦૭ |

**:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::**

| ક્રમ નં. | :: દસ્તાવેજ નું વર્ણન :: | આંક |
|---|---|---|
| ૧. | ગામ નમુના નં. ૭ ની નકલ. | ૧૦ |
| ૨. | ગામ નમુના નં. ૮/અ ની નકલ. | ૧૧ |
| ૩. | ગામ નમુના નં. ૭ ની નકલ. | ૧૨ |
| ૪. | ગામ નમુના નં. ૭ ની નકલ. | ૧૩ |
| ૫. | જમીનના ઉતારાની નકલ | ૧૪ |
| ૬. | જમીનના ઉતારાની નકલ | ૧૫ |
| ૭. | ગામ નમુના નં. ૮/અ ની નકલ. | ૧૬ |
| ૮. | ગામ નમુના નં. ૮/અ ની નકલ. | ૧૭ |

ત્યારબાદ આ કામે અરજદાર તરફે આંક–૧૮થી કલોઝીંગ પુરસીસ રજુ કરી અરજદારે તેઓનો પુરાવો પુર્ણ થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે.

**(૪)** ત્યારબાદ અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી એસ.જે.સૈયદની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે સામાવાળા તરફે તેઓ કે તેઓના વિ.વ.શ્રી હાજર રહેલ નહીં હોઈને તેઓને સાંભળવામાં આવેલ નથી.

**(૬)** ઉપરોકત હકિકતોના આધારે પ્રસ્તુત અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

–॥ **મુદ્દા** ॥–

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, તેણી કૌટુંબિક હિંસાનો ભોગ બનેલ છે અને કલમ–૧૮ અન્વયે પ્રોટેકશન ઓર્ડર મેળવવા હકકદાર છે. ?

(૨) શું અરજદાર સામાવાળાઓ સામે ડ્રોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૧૯ અન્વયે અરજીમાં માંગ્યા મુજબનો રહેઠાણનો હુકમ મેળવવા હકકદાર છે.?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, ડ્રોમેસ્ટીક વાયોલન્સ એકટ ની કલમ–૧૯(૮) મુજબ તેઓની સ્ત્રીધનની ચીજવસ્તુઓ મેળવવા હકકદાર છે. ?

(૪) શું અરજદાર સામાવાળાઓ સામે ડ્રોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ–૨૦ અન્વયે અરજીમાં માંગ્યા મુજબ પોતાનું તેમજ સગીરનું ભરણપોષણ મેળવવા હકકદાર છે. ?

(૫) શું અરજદાર સામાવાળાઓ સામે ડોમેસ્ટીક વાયોલન્સ એકટની કલમ – ૨૨ અન્વયે અરજીમાં માંગ્યા મુજબનું વળતર મેળવવા હકકદાર છે ?

(૬) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓના આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે. :–

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) નકારમાં,

(૪) અંશત: હકારમાં,

(૫) અંશત: હકારમાં,

(૬) આખરી હુકમ મુજબ.

**(૮)** ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે :–

**–:: કા ર ણો ::–**

**(૯) મુદ્દા નં. ૧ :–**

આમ કામે અરજદાર તરફે આંક–૦૭થી રજુ સરતપાસ સોગંદનામાને ઘ્યાને લેતા ફરીયાદી તેઓની મુળ અરજીની હકીકતોને વળગી રહી તેઓની અરજીને સમર્થનકારક તેઓનો મૌખિક પુરાવો રજુ કરેલ છે. અને તેણીને સામાવાળાઓએ એક યા બીજા કારણસર ત્રાસ આપેલ હોવાનું જણાવેલ છે. જેથી હવે સામાવાળા પક્ષે ફરીયાદીની કરવામાં આવેલ ઉલટ તપાસ ને જોવા ની રહે છે. પરંતુ આ કામે સામાવાળાઓ તરફે અરજદારની

સરતપાસની જુબાનીને તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર રહી પડકારવામાં આવેલ નથી. વધુમાં કોઈપણ સ્ત્રી વગર કારણે આ પ્રકારના આક્ષેપો કરી પોતે જ પોતાનો લગ્ન સંસાર બગાડે નહીં. તેમજ લગ્ન બાદ દરેક સ્ત્રીનો સંસારએ તેના પતિનું ગૃહ કહેવાય છે અને સામાન્ય બોલાચાલી કે સામાન્ય બાબતમાં કોઈ સ્ત્રી પોતાના પતિનો કે પતિના ગૃહનો ત્યાગ ન કરે, તે સંજોગો માં અરજદારે તેણીની અરજીમાં તેમજ જુબાનીમાં જણાવેલ હકિકતોને ધ્યાને લેતા તેમજ પ્રોટેકશન ઓફીસરનો રિપોર્ટ ધ્યાને લેતા આ કામના અરજદાર પારીવારીક તેમજ જાતીય હિંસાનો ભોગ બનેલ હોય તેવું માનવાને કારણ રહે છે. વધુમાં આ પ્રકારની કાર્યવાહીઓમાં ચુસ્ત પુરાવાનો આગ્રહ રાખવાનો હોતો નથી અને તેવો પુરાવો રેકર્ડ ઉપર ન પણ મળે કારણ કે પારીવારીક હિંસા મહંદ અંશે ઘરની અંદર ચાર દિવાલની વચ્ચે આચરવામાં આવતી હોય છે. તદ્ઉપરાંત ડ્રોમેસ્ટીક વાયોલેન્સ એકટનો કાયદો ભારતીય બંધારણ ધ્વારા આપવામાં આવેલ બાંહેધરી અન્વયે સ્ત્રીઓના અધિકારો ને વધારે અસરકારક રક્ષણ પુરું પાડવા તેમજ કુટુંબની અંદર થતી કોઈ પણ પ્રકારની હિંસાનો ભોગ બનતી મહિલાઓની સુરક્ષા માટે ઘડવામાં આવેલ હોય, આ કાયદા પાછળનો રહેલ મૂળભુત હેતુ તેમજ ફરીયાદીના પુરાવાને ધ્યાને લેતા આ કાયદાની કલમ–૨(એ) મુજબ આ કામના ફરીયાદી પીડીત વ્યકિત હોય તથા પ્રોટેકશન ઓફીસરનો રિપોર્ટ તેમજ ઘરેલું હીંસા સંબંધેની જોગવાઈઓને લક્ષમાં રાખતા ફરીયાદી/અરજદાર આ કાયદાની કલમ–૩ મુજબ કૌટુંબીક હિંસાનો ભોગ બનેલ હોવાનું જણાય આવતું હોય અરજદાર તરફે આ કામના સામાવાળા ભવિષ્યમાં ફરીયાદીને કોઈ હાની ન પહોંચાડે તેમજ તેઓના ઉપર અત્યાચાર કે હીંસા ન કરે તે માટે રક્ષણનો હુકમ મેળવવા

અરજદાર હકકદાર હોવાનું જણાઈ આવે છે, જેથી આ કામે મુદ્દા નં.૧ નો જવાબ '' હકાર '' માં આપવામાં આવે છે.

(૧૦) **મુદ્દા નં. ૨ તથા ૩ :–**

આ કામે અરજદારની અરજી તથા પુરાવો ધ્યાને લેતા અરજદારે ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૧૯ની જોગવાઈ મુજબ આ કામના સામાવાળા પાસે રહેણાંકની સુવિધા કરવા દાદ માંગેલ છે. આ દાદ અન્વયે અહીં એ બાબત નોંધવી જરુરી છે કે, લગ્ન બાદ દરેક સ્ત્રીના રહેઠાણની વ્યવસ્થા કરવાની જવાબદારી જે તે સ્ત્રીના પતિની હોય છે. હાલના કેસમાં અરજદાર/ફરીયાદી પોતાના સાસરે તેઓના પતિના સાથે રહેતા હતા, પરંતુ ઘરેલું હીંસાના બનાવ બાદ ઘણાં લાંબા સમયથી અરજદાર તેમજ સગીર બાળક પોતાના પિતાના ઘરે ઓશીયાળુ જીવન જીવે છે. વધુમાં આ કામે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો જોતા અરજદાર હાલ પોતાના પિતાના ઘરે ઓશીયાળું જીવન જીવતા હોવાની હકીકત તેઓની અરજીમાં જણાવી તેઓની અરજીમાં રહેઠાણનો હુકમ મેળવવા માટે અરજ કરવામાં આવેલ છે. પરંતુ આ કામે સામાવાળા તરફે કોઈ જવાબ કે પુરાવો રજુ કરેલ ન હોઈને સામાવાળાઓ તરફથી અરજદારને અલગથી રહેઠાણની કોઈ વ્યવસ્થા કરી આપેલ હોય તેવી કોઈ હકીકત કે પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. અરજદારની હાલની દાદ અન્વયે સદર કાયદાની કલમ–૧૯(૧) (એફ) ને ધ્યાને લેતા તેમાં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, *'' જો સંજોગોની જરૂરીયાત હોય તો, પીડીત વ્યકિતને, તે સંયુકત ઘર માં જે રીતે રહેતી હતી તે જ સ્તરનું વૈકલ્પિક ઘર પુરું પાડવાનો અથવા તો આવા ઘરનું ભાડું ચુકવવાનો પ્રતિવાદીને આદેશ આપશે.''* આમ સદર કાયદાની

કલમ–૧૯(૧)(એફ) ની જોગવાઈ ધ્યાને લેતા કોર્ટ પીડીત વ્યકિત જે સ્તરના ઘરમાં રહેતી હતી તે સ્તરનું ઘર પુરું પાડવા અથવા તે પ્રમાણેના ઘરનું ભાડુ ચુકવી આપવા સામાવાળાને હુકમ કરવા સક્ષમ છે. અરજદાર/ફરીયાદી હાલ તેઓના પીતાના ઘરે નિરાધાર હાલતમાં જીવન ગુજારે છે અને આ કામના અરજદાર/ફરીયાદીની રહેઠાણની વ્યવસ્થા સામાવાળા ધ્વારા કરવામાં આવેલ ન હોય, તે સંજોગોમાં આ કામના સામાવાળા અરજદારને તેઓના સ્ટેટસ મુજબ નું ઘર પુરું પાડવા વિકલ્પે આવા મકાનનું ભાડુ ચુકવી આપવા કાયદાથી બંધાયેલ છે. પ્રસ્તુત કેસમાં અરજદારની સરતપાસને સામાવાળાઓ ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. આમ આ કામના અરજદાર સંયુકત કુટુંબ માં રહેતા હોય અને આ કામના સામાવાળા નં.૧ ની હીસ્સેદારી વાળા ઘરમાંથી અરજદાર/ફરીયાદીને દુર કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર ન હોય કામના અરજદાર સામાવાળાઓ પાસેથી મુદ્દા નં.ર અન્વયે ડ્રોમેસ્ટીક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૧૯(૧)(એફ) મુજબ વૈકલ્પિક રહેઠાણ નો હુકમ મેળવવા હકકદાર હોવાનું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

વધુમાં અરજદાર તરફે તેઓની હાલની અરજીમાં અરજદારને તેઓ ના લગ્ન સમયે આપવામાં આવેલ સ્ત્રીધનની ચીજ–વસ્તુઓ આ કામના સામાવાળાઓ પરત કરે તેવી માંગણી કરવામાં આવેલ છે. પરંતુ અરજદાર તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા સામાવાળાઓના ત્યાં અરજદારનું કયું, કયું સ્ત્રીધન રહેલ છે ? તેવો કોઈ સ્પષ્ટ પુરાવો અરજદાર તરફે તેઓની અરજી ના સમર્થનમાં રજુ કરવામાં આવેલ નથી. તેમજ અરજદારે સામાવાળા પાસે પોતાનું સ્ત્રીધન પરત માંગેલ હોય અને સામાવાળાઓ તે સોંપવાનો ઈન્કાર કરેલ હોય તેવી કોઈ સ્પષ્ટ હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી

કે તેવો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં અરજદાર નું સ્ત્રીધન સામાવાળાના ઘરે જ હોવાનું અને તે કંઈ, કંઈ વસ્તુઓ છે તે બાબતે અરજદારની અરજી તેમજ પુરાવા સોગંદનામામાં સ્પષ્ટતા ન હોય અને લગ્ન સમયે અરજદાર સામાવાળાના ઘરે લઈને ગયેલ સ્ત્રીધનની કોઈ યાદી કે પુરાવો રજુ કરવામાં આવેલ ન હોય અરજદારે અરજીમાં માંગ્યા મુજબનું સ્ત્રીધન સામાવાળાઓ પાસે હોવાનું રેકર્ડ પર પુરવાર કરેલ નથી, જેથી અરજદાર કલમ–૧૯(૮) અન્વયે મુદ્દા નં. ૩ ની દાદ મેળવવા હકકદાર નહીં હોવાનું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે, જેથી મુદ્દા નં. ૨ નો જવાબ '' હકાર '' માં તેમજ મુદ્દા નં. ૩ નો જવાબ '' નકાર '' માં આપવામાં આવે છે.

**(૧૧) <u>મુદ્દા નં. ૪</u> :–**

આ કામે અરજદારે તેઓની અરજીમાં આ કામના સામાવાળા પાસેથી ભરણપોષણની રકમ અપાવવા માટેની દાદ માંગવામાં આવેલ છે. અરજદાર ની હાલની દાદ સબંધે ડ્રોમેસ્ટીક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૨૦ ધ્યાને લેતા તેમાં કૌટુંબીક હીંસાથી પીડીત સ્ત્રીને સદર કાયદાની કલમ–૨૦ માં નાણાંકીય રાહતોના હુકમો કરવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કેસમાં અરજદારે પોતે આ કામના સામાવાળા પાસેથી માસીક રૂા.૫૦,૦૦૦/– તેમજ સગીર બાળકના આ કામના સામાવાળા પાસેથી માસીક રૂા.૩૦,૦૦૦/– ભરણપોષણની રકમની માંગણી કરવામાં આવેલ છે. જે સબંધે અરજદારની અરજીની હકીકત ધ્યાને લેતા અરજદાર તેઓના પતિગૃહેથી તેઓના પીયરમાં આવ્યા બાદ સામાવાળા નં.૧ નાએ અરજદારના ભરણપોષણની કોઈ દરકાર કરેલ ન હોય હાલની અરજી

અન્વયે અરજદારે પોતાના તથા સગીરના ભરણપોષણ પેટેની રકમ સામાવાળા નં.૧ ચુકવી આપે તેવો હુકમ મેળવવા અરજ કરવામાં આવેલ છે. અરજદારની હાલની દાદ સબંધે રેકર્ડ પર રજુ થયેલ પુરાવો જોતા સામાવાળાએ અરજદારની ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી તેમજ અરજદાર/ફરીયાદી સામાવાળા નં.૧ના ધર્મપત્ની છે અને અરજદાર નં.૨ તેઓનું સગીર બાળક છે તે બાબતે કોઈ તકરાર નથી. તદ્દ ઉપરાંત રજુ થયેલ પુરાવો જોતા આ કામના અરજદાર પોતે પોતાનું તથા સગીરનું ભરણપોષણ કરી શકવા સક્ષમ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી, તે સંજોગોમાં સદર કાયદાની કલમ–૨૦ ની જોગવાઈ મુજબ અરજદાર સામાવાળા પાસેથી ભરણપોષણ તરીકે આર્થિક સહાયની રકમ મેળવવા હકકદાર બને છે. હવે અત્રે પ્રશ્ન એ થાય છે કે, અરજદાર સામાવાળા પાસેથી કેટલી રકમ માસીક ભરણપોષણ પેટે મેળવવા હકકદાર છે તે સબંધે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા અરજદાર તેઓના સરતપાસ સોગંદનામામાં સામાવાળા નં.૧ ને આશરે ૨૫૦ વીઘા ખેતીની જમીન આવેલી છે અને બે ટ્રેકટર તેઓની માલિકીના છે અને ખેતી કરીને વાર્ષીક રૂા:૨૦,૦૦,૦૦૦/– ( વીસ લાખ ) આવક મેળવે છે. ઉપરાંત ભેંસો રાખી દુધના વેપારમાંથી માસિક રૂા:૫૦,૦૦૦/– કમાય છે અને તેણીના પતિ એટલે કે સામાવાળા નં.૧ની માસિક આવક રૂા:૨,૦૦,૦૦૦/– છે, પરંતુ સામાવાળા નં.૧ ચોકકસ કેટલી આવક મેળવે છે, તે અંગેનો કોઈ પુરાવો અરજદાર તરફે રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. વધુમાં આ કામના સામાવાળા નં.૧ તરફે પણ પોતે કેટલી આવક મેળવે છે તે અંગેનો કોઈ સચોટ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આમ અરજદારે તેઓની અરજીમાં સામાવાળાઓની

જે આવક જણાવેલ છે તેમજ સામાવાળા નં.૧ પાસેથી માસીક ભરણપોષણ ની જે રકમની માંગણી કરવામાં આવેલ છે તેટલી રકમ સામાવાળા અરજદાર ને ચુકવી આપવા સક્ષમ છે અને તેટલી તેમની આવક છે તેવો કોઈ આધારભુત પુરાવો રેકર્ડ પર બંને પક્ષ પૈકી કોઈએ રજુ કરવામાં આવેલ ન હોય, સામાવાળા નં.૧ની સાચી આવક અંગેનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી સામાવાળાની આવક અંગે માત્ર અનુમાન કરવાનું રહે અને અનુમાનીત આવક આધારે જ હાલના કેસમાં અરજદારની ભરણપોષણની રકમ નકકી કરી શકાય તેમ છે. આ કામના સામાવાળા શારીરીક રીતે તંદુરસ્ત અને કામ–ધંધો કરી ને પોતે પોતાનું તેમજ પોતાની પત્ની, માતા–પિતાનું ભરણપોષણ કરવા શારીરીક રીતે સક્ષમ હોય તે સજોગોમાં એબલ બોડીના સિધ્ધાંત મુજબ પતિ પત્નીનું ભરણપોષણ કરવા માટે જવાબદાર છે. પ્રસ્તુત કેસમાં સામાવાળા શારીરીક રીતે તંદુરસ્ત નથી અને કોઈ કામ ધંધો કરવા સક્ષમ નથી તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી સામાવાળા નં.૧ ખેતી કરી માસિક રૂા.૪૦,૦૦૦/– ઉપરાંત ચોખ્ખા નફાની આવક મેળવતા હોવાનું અનુમાન કરી શકાય છે. જેથી તમામ સંજોગોને લક્ષમાં રાખતા સામાવાળાની માસીક આવક રૂા.૪૦,૦૦૦/– ગણી સામાવાળા નં.૧નો પોતાનો તેમજ સામાવાળા નં.૧ ઉપર આશ્રીતોની જવાબદારીને લક્ષમાં રાખી આ કામના સામાવાળા નં.૧ અરજદાર નં.૧ ને પોતાના ભરણપોષણ પેટે માસીક રૂા.૭,૦૦૦/– અને સગીર અરજદાર નં.ર ને પોતાના ભરણપોષણ પેટે માસીક રૂા.૩,૦૦૦/– ભરણપોષણ પેટેની આર્થિક સહાય નકકી કરવામાં આવશે તો તે સામાવાળા માટે વધુ પડતી ગણાશે નહીં. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે મુદ્દા નં. ૪ નો જવાબ '' અંશત: હકાર '' માં આપવામાં આવે છે.

(૧૨) **મુદ્દા નં. ૫ :-**

આ અધિનિયમ હેઠળ અપાયા મુજબની અન્ય રાહતો ઉપરાંત ભોગ બનેલ વ્યકિત ધ્વારા કરાયેલ અરજી પર ન્યાયાધીશ ઈજાઓ જેમાં પ્રતિવાદી (સામાવાળા) ધ્વારા થયેલ કૌટુંબિક હિંસાના કૃત્યોથી થયેલ માનસિક યાતના અને લાગણીશીલ પીડા સહિત માટે વળતર અને નુકશાન ચૂકવવા પ્રતિવાદીને નિર્દેશ કરતો હુકમ કરી શકે છે. આ કામે અરજદારે તેઓ ની અરજીમાં અન્ય રાહતો ઉપરાંત આ કામના સામાવાળા પાસેથી પારીવારીક હિંસાના કૃત્યથી અરજદારને લાગેલ માનસીક ત્રાસ તથા દુ:ખ સહીતની ઈજાઓના વળતર પેટે રૂા.૩૦,૦૦,૦૦૦/- ( ત્રીસ લાખ) વળતર પેટેના માંગેલ છે, પરંતુ આ કામના સામાવાળા આટલી મોટી રકમનું વળતર ચુકવી શકવા સક્ષમ હોવા અંગેનો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી. તે સંજોગોમાં અગાઉના મુદ્દાઓની ચર્ચા કરી તે પ્રમાણે આ કામના અરજદાર પારીવારીક હિંસાનો ભોગ બનેલ હોય અને તેના કારણે અરજદારને શારીરીક-માનસીક યાતના સહન કરવી પડી હોય અને કલમ-૨૨ અન્વયે અરજદારને અન્ય રાહતો ઉપરાંત વળતરના રૂા.૨૦,૦૦૦/- (રૂપિયા વીસ હજાર ) અપાવવું વ્યાજબી જણાઈ આવતું હોય, મુદ્દા નં.૫ નો જવાબ '' અંશત: હકાર '' માં આપવામાં આવે છે.

(૧૩) **મુદ્દા નં. ૬ :-**

ઉપરોકત ચર્ચાને ધ્યાનમાં રાખી, ન્યાયના હિતમાં હાલની અરજીનો નિર્ણય માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: આ ખ રી હુ ક મ ::-

(૧) અરજદારની હાલની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાઓએ અરજદાર કે તેમના આશ્રીત સંબંધે કોઈપણ વ્યકિત સાથે કૌટુંબિક હિંસાનું કોઈ પણ કૃત્ય કરવા પર આથી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૩) આ કામના સામાવાળા નં.૧નાએ અરજદારને અગાઉ તેઓ ના સંયુકત કુટુંબમાં જે સ્તરના મકાનમાં રહેતા હતા, તે સ્તરના રહેઠાણના ઘરની વ્યવસ્થા કરી આપવી, વિકલ્પે માસીક રૂા.૫૦૦૦/- ઘર ભાડા તરીકે ચુકવી આપવાનો આદેશ કરવામાં આવે છે.

(૪) આ કામના સામાવાળાએ અરજદાર નં.૧ ને હાલની અરજી કર્યા તારીખ થી ચઢયે ચઢયા માસીક રૂા.૭,૦૦૦/- તથા સગીર અરજદાર નં.૨ ને માસીક રૂા:૩૦૦૦/- ભરણપોષણ પેટેની આર્થિક સહાય તરીકે ચુકવી આપવાનો આદેશ કરવામાં આવે છે.

(૫) આ કામના અરજદારને સામાવાળાઓ દ્વારા થયેલ પારીવારીક હિંસાથી થયેલ માનસીક યાતના, લાગણી, પીડા અને આ અરજી ખર્ચના સંયુકતપણે રૂા.૨૦,૦૦૦/- વળતર પેટેના અલગથી ચુકવી આપવાનો આદેશ કરવામાં આવે છે.

(૬) અરજદાર જે જગ્યાએ રહેતા હોય ત્યાં હકુમતમાં આવેલ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદાર તરફથી માંગણી થયે તેને રક્ષણ પૂરૂ પાડવું, આ

ઉપરાંત, અરજદારની તરફેણમાં કરવામાં આવેલ હુકમના પાલનમાં માંગણી થયે, અચૂકપણે મદદ કરવી, તેમજ જરૂરી સગવડો પૂરી પાડવી તેવો આદેશ કરવામાં આવે છે.

(૭) આ હુકમની નકલ પક્ષકારોને ડોમેસ્ટીક વાયોલેન્સ એકટની કલમ–૨૪ અન્વયે વિના મુલ્યે પૂરી પાડવી.

(૮) આ હુકમની નકલ અરજદાર જે પોલીસ સ્ટેશનની હકુમતમાં રહેતા હોય તે પોલીસ સ્ટેશનને મોકલી આપવી.

(૯) આ હુકમની જાણ પ્રોટેકશન ઓફીસર, અમદાવાદને કરવી, પ્રોટેકશન ઓફીસરે આ હુકમના પાલન અંગેના યોગ્ય પગલા લેવા.

(૧૦)રજીસ્ટ્રીએ ઉપરોકત કાર્યવાહી તાત્કાલીક કરવી.

આ હુકમ આજ તારીખ ૧૬મી, માંહે–જૂલાઈ સને– ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ધોળકા.
તા.૧૬/૦૭/૨૦૨૨.

( આર. કે. પંડયા)
જયુડી.મેજી.ફ.ક.,ધોળકા.
કોડ નં.જી. જે. ૦૦૬૬૯

// મુનાફ એ. લાટીવાલા //
પી. એ.